ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# 'વિશ્વાસ'અને 'આશ્વસ્ત' પ્રોજેક્ટ કાર્યાન્વિત

## ગુન્હા રોકવા પોલીસને મદદરૂપ થશે : ગુજરાત પોલીસ દ્વારા સાયબર સુરક્ષા માટે 'વિશ્વાસ અને 'આશ્વસ્ત'પ્રોજેક્ટનો પ્રારંભ કરાવતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી

ગાંધીનગર, તા.૧૧

કેન્દ્રીય ગૃહરાજયમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું છે કે, સમાજમાં શાંતિ અને સુરક્ષાની પ્રતીતિ કરાવવા માટે કાયદો-વ્યવસ્થાનું સુચારુ પાલન અત્યંત જરૂરી છે. ગુજરાત પોલીસની અભિનવ પહેલ રૂપ ટેકનોલોજી યુક્ત વિવિધ પ્રોજેક્ટ્સના કાર્યારંભ અવસરે સંબોધન કરી રહ્યા હતા.

ગુજરાતે 'વિશ્વાસ'અને 'આશ્વસ્ત'પ્રોજેક્ટ અંતર્ગત કરેલી પહેલ આ દિશામાં પરિણામલક્ષી નવનિર્મિત એવા સાત જિલ્લાઓમાં ૧૧૨ નંબર ડાયલ કરવાથી ત્વરીત મદદ ઉપલબ્ધ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડમાંથી પૈસા ઉપડી ગયા હોય કે ઈન્સ્યોરન્સના વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો છે. વિશ્વના તમામ દેશોને મેસેજ આપ્યો છે કે, ભારત શાંતિપ્રિય દેશ છે અને શાંતિને વરેલો છે અને આ જ અમારી વિદેશી નીતિ છે પરંતુ અમારા દેશ પર કોઈ અતિક્રમણ કરશે તો, અમારી ટોપ બન્યું છે તેના પાયામાં સુદ્રઢ કાયદો-વ્યવસ્થાની સ્થિતિ રહેલી છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, આવનાર સમયના પડકારોને ઝીલવા ગુજરાત આવી સાયબર ટેકનોલોજીથી ગુના કરે છે. પરંતુ ગુજરાત પોલીસ નવા નવા ટેકનોલોજીયુક્ત આયામોથી આ સાયબર યુદ્ધ જીતશે જ તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં સાયબર બુલીંગ, સાયબર ક્રાઈમથી થતાં ઓનલાઈન ચીટિંગથી લોકોને છેતરી તેમના પૈસા પડાવી લેતા લેભાગુઓને હવે

● અનુસંધાન પાન-૭ પર







બદલાતા સમયમાં સાયબર ક્રાઈમ ક્ષેત્રે વૈશ્વિક પડકારો ઉભાં થયા છે ત્યારે કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ નિયંત્રણમાં લેવા ટેકનોલોજીનો મહતમ ઉપયોગ જરૂરી છે.

શ્રી અમિત ભાઈ શાહ પૂરવાર થશે.

ગુજરાત પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ રોકવા તથા ગુન્હા ઉકેલવા માટે 'વિશ્વાસ'અને 'આશ્વસ્ત'પ્રોજેક્ટ આજથી કાર્યાન્વિત કર્યો છે. ૧૦૦ નંબર ડાયલ કરવાથી તથા રાજયના બહાને પૈસા ઉપાડયા હોય કે, ઓ.એલ.એક્સ પર પૈસા ગુમાવ્યા હોય તેવા સાયબર ગુન્હા સંદર્ભમાં આ પ્રોજેક્ટ ઉપયોગી થશે.

શ્રી શાહે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિદેશનીતિ અને સુરક્ષાનીતિ પ્રાયોરિટી સુરક્ષાનીતિ હશે અને તે દેશને અમે જડબાતોડ જવાબ આપીશું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં વિકાસના નવા સીમાચિહ્નો સર થયા છે અને દેશનું વિકાસ રોલ મોડલ ગુજરાત પોલીસે વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સાઈબર ક્રાઈમ સામે સજ્જતાથી બાથ ભીડી છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે હવેનો યુગ સાયબર વોર એટલે કે સાયબર યુદ્ધનો છે. ગુનેગારો અને ગુનો આચરનારા

## ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન ખાતે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના કેપિટલ રેલવે સ્ટેશન ખાતે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ રેલવે વિભાગ દ્વારા નિર્મિત વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સાથે નિર્માણાધીન કેપીટલ રેલવે સ્ટેશનની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા પણ કરી હતી.

શ્રી અમિતભાઈએ ગાંધીનગર રેલવે સ્ટેશનના પ્રાંગણમાં સ્મારકીય રાષ્ટ્રીય ધ્વજ (મોન્યુમેન્ટલ ફ્લેગ)નું લોકાર્પણ કર્યું હતું. ૩૦x૨૦ ફૂટનો આ સ્મારકીય રાષ્ટ્રીય ધ્વજ ૧૦૦ ફીટ ઊંચા સ્તંભ પર સ્થાપિત કરવામાં આવ્યો છે.

કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીએ ગાંધીનગર, સાબરમતી, મોટી આદરજ, ખોડીયાર, ડભોડા અને રખીયાલ રેલવે સ્ટેશન પર વાઈ-ફાઈની સુવિધા ઉપરાંત ચાંદલોડિયા અને કલોલ સ્ટેશન



પર યાત્રી સૂચના પ્રણાલી સુવિધા તથા સાબરમતી રેલવે સ્ટેશન પર ઈલેક્ટ્રીક ચાર્ટ ડિસ્પ્લે અને છારોડી તથા સાણંદ સ્ટેશનના પુનઃનિર્મિત પ્લેટફોર્મની તકતીનું અનાવરણ કર્યું હતું.

## નલિયામાં લઘુત્તમ તાપમાન ૮.૬ ડિગ્રી

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યમાં કાતિલ ઠંડીનું મોજુ અકબંધ રહ્યું છે. લઘુત્તમ તાપમાનમાં મોટાભાગના વિસ્તારોમાં વધારો થયો હોવા છતાં તીવ્ર ઠંડીનો ચમકારો અકબંધ જોવા મળી રહ્યો છે. લઘુત્તમ તાપમાનમાં હજુ પણ બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે જેથી ઠંડીના પ્રમાણમાં ઘટાડો થશે અને લોકોને તહેવાર ઉપર રાહત મળી શકે છે. બીજી બાજુ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં અને ખાસ કરીને ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં હળવા વરસાદી ઝાપટા પડી શકે છે જેથી બનાસકાંઠા અને આસપાસના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૨.૩ ડિગ્રી રહ્યું હતું જ્યારે નલિયામાં લઘુત્તમ તાપમાન ૮.૬ અને ડિસામાં લઘુત્તમ તાપમાન ૮.૮ ડિગ્રી રહ્યું હતું. રાજયના અન્ય ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં વધારો થતાં લોકોને આંશિક રાહત થઈ છે.

# શહેરમાં ઠંડી ઘટી પવનથી નગરજનો ઠુંઠવાયા

## શહેરમાં પ્રતિ કલાક ૬ કિમી ઝડપે પવન ફુંકાયા : લઘુત્તમ તાપમાન ૧૨.૨ ડીગ્રી પહોંચી ગયુ ઠંડીના પારાની ચઢઉતર વચ્ચે પવનનુ જોર યથાવત રહેતા અસહ્ય ઠંડી અનુભવતા નગરજનો

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં સુસવાટા મારતી ઠંડીનો અહેસાસ કરતા નગરજનો કોલ્ડવેવથી પ્રભાવિત છે. શહેરમાં લઘુત્તમ તાપમાનમાં રોજબરોજ વધ ઘટ જોવા મળી રહી છે. આજે લઘુત્તમ તાપમાન ૧૨. ૨ ડીગ્રી રહ્યુ હતુ. જયારે ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનુ પ્રમાણ પણ ઘટયુ હતુ. જો કે સવારથી જ વાતાવરણમાં સુસવાટા મારતા પવનના લીધે ઠંડીનુ પ્રમાણ બેવડાયુ હતુ. સવારે પ્રતિકલાક ૬ કી મીની ઝડપે પવન ફુંકાતા નગરજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા.

શહેરમાં છેલ્લા બે ચાર દિવસથી ઠંડીનો મિજાજ સતત બદલાય છે. બે દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૭.૫ ડીગ્રી પહોંચી જતા નગરજનો આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા. જયારે ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડીગ્રી એ પહોંચતા નગરજનોએ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરને ૨૪X૭ પેયજળનો પ્રોજેક્ટ મંજુર

## ૨૦૨૩માં અમલી બને તે રીતે પ્રોજેક્ટ તૈયાર : સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ રૂ. ૨૯૮ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે : ટેન્ડર પ્રક્રિયા ટૂંકમાં જ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરને ૨૪x૭ પેયજળનો પુરવઠો આપવાના પ્રોજેક્ટને તકનીકી સમિતિએ મંજૂરીની મહોર લગાવી દીધી છે. આ પ્રોજેક્ટ ૨૦૨૩માં સાકાર થશે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ રૂ. ૨૯૮ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે અને આ માટેની ટેન્ડર પ્રક્રિયા ટૂંકમાં જ હાથ ધરાશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ પ્રોજેક્ટ અંતર્ગત હાલની પાણીની ફિલ્ટર પ્લાન્ટની જે ક્ષમતા છે તેમાં વધારો કરવામાં આવશે. આ ઉપરાંત મેઈન પાઈપલાઈન જે પુરવઠો શહેરમાં વહન કરશે તે પણ બદલવામાં આવશે. આ ઉપરાંત અન્ય પાઈપલાઈનો પણ બદલવામાં આવશે.

આ યોજનામાં શહેરના હાલ જે ૬૧ હજાર જેટલા નળ કનેક્શન છે તે બધા જ આવરી લેવામાં આવ્યા હોવાનું પણ સુત્રોએ સ્વીકાર્યુ છે. આ આખોય પ્રોજેક્ટ બે તબક્કામાં હાથ ધરવામાં આવશે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર આ પ્રોજેક્ટ ત્રીસ વર્ષને નજર સમક્ષ રાખી તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટના ટેન્ડરીંગને બહાલી અપાયા પછી તે ૩૬ મહિનામાં કાર્યરત થઈ જશે.

આ સૂત્રોએ સ્વીકાર્યુ છે કે આ પ્રોજેક્ટ માટે ચરેડી અને સરિતા ઉદ્યાન ખાતે ૭૦-૭૦ લાખ લીટર પાણીનો જળસંગ્રહ થઈ શકે તેવા બે વિશાળ સંપનું નિર્માણ પણ કરવામાં આવશે.

પાણીની મેઈન પાઈપલાઈન જે છે તે ૧૫૦૦ એમ.એમ.થી લઈ ૬૧૦ એમ.એમ.ની નાખવામાં આવશે. આ ઉપરાંત પેટા લાઈનો પણ ૧૦૦ થી ૩૦૦ એમ.એમ.ની નાખવામાં આવશે. આ આખોય પ્રોજેક્ટ સ્કાડા પદ્ધતિ પર આધારિત છે.

ચરેડી અને સરિતા ઉદ્યાન ખાતે હાલ જે ફિલ્ટર પ્લાન્ટ છે તેમાં ૯૦ એમ.એલ.ડી.ના નવા ફિલ્ટર પ્લાન્ટ નાખવા ઉપરાંત હાલના જે ફિલ્ટર પ્લાન્ટ ૬૦ એમ.એલ.ડી.ના આ બન્ને સ્થળોએ છે તેનુ રિનોવેશન કરવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે સરિતા ઉદ્યાન ખાતે નવો ૪૫ એમ.એલ.ડી.નો ફિલ્ટર પ્લાન્ટ અને ચરેડી ખાતે ૩૫ એમ.એલ.ડી.નો પ્લાન્ટ હાલના ફિલ્ટર પ્લાન્ટ ઉપરાંત નિર્માણ કરાશે. હાલ ગાંધીનગર શહેરમાં ૫ એમ.એલ.ડી. પાણી નર્મદાનું અને બીજુ પાટનગર યોજના તેના સ્ત્રોતોમાંથી મેળવી શહેરને પુરૂ પાડી રહેલ છે.

આ સૂત્રોએ જણાવ્યુ હતુ કે બે નવા ફિલ્ટર પ્લાન્ટ બનતાં પાણીના શુદ્ધિકરણની ક્ષમતામાં વધારો થતાં જ ડહોળા પાણીની સમસ્યામાંથી પણ મુક્તિ મળશે.

તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે કે પડકાર મોટો જરૂર છે પણ તેને સાર્થક કરવામાં કોઈ તકલીફ નહિ પડે. આ પ્રોજેક્ટ કાર્યરત થયા પછી સાત વર્ષ સુધી તે એજન્સી જ તેની જાળવણી, મરામત અને નિભાવણી કરશે અને તે પછી જ જે તે સત્તાતંત્રને સોંપવામાં આવશે.

આ પ્રોજેક્ટના અમલની સાથે જ શહેરમાં પુનઃ પાણીની મીટરપ્રથા લાગુ કરી દેવાશે. મીટર પ્રથા લાગુ કરવાને પગલે પાણીનો જે વેડફાટ થાય છે તે અટકી જશે. આ ઉપરાંત પાણીનો લોકો કરકસરતાથી ઉપયોગ કરતા થશે.

પાણીના મીટર પર શુ દર લાગશે અને કેવી રીતે લગાવાશે તે બધી જ બાબતો સરકાર દ્વારા અલગથી નિયત કરવામાં આવશે.

ચરેડી અને સરિતા ઉદ્યાન ખાતે હાલ જે પાણીના સંપ આવેલા છે તેની ક્ષમતા સરિતા ઉદ્યાન ખાતે

● અનુસંધાન પાન-૭ પર

### ૨૪X૭ પેયજળનો પ્રોજેક્ટ પ્રેસર બેઈઝ્ડ તૈયાર કરાયો છે

ગાંધીનગર શહેરને ૨૪X૭ પેયજળ પુરવઠો આપવાનો પ્રોજેક્ટ પ્રેશર બેઝ સપ્લાયને આધારે તૈયાર કરવામાં આવ્યો છે. ગ્રેવીટી બેઝ આ પ્રોજેક્ટ નથી એ તેની આગવી વિશેષતા છે. આખા પ્રોજેક્ટ જીપીએસ બેઝ અને ઓટોમાઈઝેશન હશે જ્યાં પણ પ્રેશર ઓછુ થશે, પાઈપલાઈન લીક થશે તે તુરત જ તેના કંટ્રોલરૂમમાં દેખાશે અને ત્વરિત ગતિએ તે ફરિયાદનું નિવારણ થશે.

## નરેન્દ્ર મોદીની ઈચ્છાશક્તિના આધારે રાષ્ટ્રીય ચેતનાનો સંચાર : પ્રદિપસિંહ જાડેજા

### ૩૭૦ અને ૩૫એની નાબૂદી, નાગરિક સુધાર એક્ટ દ્વારા નવી ચેતનાનો સંચાર કરી દેશને મજબૂત બનાવવા પ્રયાસો

ગાંધીનગર, તા. ૧૧

ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ સ્વાગત પ્રવચન કરતાં કહ્યું કે, દેશના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદીએ રાજકીય ઈચ્છાશક્તિના આધાર થકી ૩૭૦, ૩૫-એ નાબૂદ કરીને સિટીઝન એમેન્ડમેન્ટ એકટ દ્વારા સમગ્ર દેશમાં નવી ચેતનાનો સંચાર કરીને દેશને વધુ સમૃદ્ધ-સુદ્રઢ બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ આપણા માટે ગૌરવરૂપ છે. તેમણે ઉમેર્યુ કે, રાજયના પનોતા પુત્ર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ તેઓ ગુજરાતમાં ગૃહમંત્રી હતા ત્યારે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, રક્ષા શક્તિ યુનિવર્સિટી અને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીની રચના કરી હતી.

જાડેજાએ ઉમેર્યુ કે, સમગ્ર દેશમાં કાયદો વ્યવસ્થા વધુ સુદ્રઢ બને એ માટે અમિત શાહ દ્વારા અથાગ પ્રયાસો થઈ રહ્યાં છે. તેમણે આર્મ્સ એકટમાં સુધારા કરીને સીઆરપીસી એક્ટમાં પણ સુધારો કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે તથા ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર દરિયાકાંઠેથી કોઈ આતંકવાદી ઘુસી ન જાય અને સંગઠિત ગુનાઓ નિયંત્રણ થાય એ માટે ગુજરાતે પસાર કરેલા ગુજસીટોક કાયદાને પણ તેમના માર્ગદર્શન હેઠળ મંજૂરી મળી ગઈ છે. જેના દ્વારા રાજયની શાંતિ, સલામતિ વધુ સુદ્રઢ બનાવીશું.

તેમણે ઉમેર્યુ કે, ૨૧મી સદી એ ટેકોનોલોજીની સદી છે અને ગુનેગારો વાઈ-ફાઈની સુવિધા થકી હાઈ-ફાઈ ગુનાઓ કરતા થયા છે. રાજયના નાગરિકો લોભામણી જાહેરાતોથી છેતરાય નહીં અને તેઓના ટ્રાન્ઝેકશનથી કોઈ પણ પ્રકારની છેતરામણી ન થાય એ માટે દેશભરમાં સૌપ્રથમ વખત 'વિશ્વાસ'અને 'સાયબર આશ્વસ્ત'નો શુભારંભ થઈ રહ્યો છે. જેના થકી રાજયના ૬ કરોડથી વધુ નાગરિકોને વધુ સુરક્ષા પૂરી પાડવાની અમારી પ્રાથમિકતા છે અને રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## દાહોદ માર્ગ પર ત્રિપલ દુર્ઘટના લીમડી હાઈવે પર વિચિત્ર અકસ્માત

અમદાવાદ,તા. ૧૧

દાહોદ જિલ્લાના કાળીમોવડી-લીમડી હાઈવે પર ટેમ્પો, ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલા એક વિચિત્ર અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ ગમખ્વાર અને વિચિત્ર એવા ટ્રીપલ અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ ભાઈઓના કરૂણ મોત નીપજવાના કારણે પરિવારમાં શોકનો માતમ છવાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, દાહોદ જિલ્લાના કાળીમોવડી-લીમડી હાઈવે પર આજે બપોરે પૂરપાટ ઝડપે જઈ રહેલી ટ્રક, ટેમ્પા અને એક બાઈક વચ્ચે વિચિત્ર પ્રકારનો ગંભીર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર ત્રણ ભાઈઓના કરૂણ મોત નીપજયા હતા. ચોંકાવનારી અને આઘાતજનક વાત એ હતી કે, મૃતક ત્રણેય ભાઈઓ એક જ પરિવારના હતા, બનાવને પગલે સ્થાનિક લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડયા હતા.

લોકોની ભારે ભીડના કારણે હાઈવે પર થોડીવાર માટે ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક ત્યાં દોડી આવી હતી અને અકસ્માત મામલે વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે ત્રણેય મૃતક ભાઈઓના મૃતદેહો પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા હતા. અકસ્માતના બનાવને લઈ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને એક જ પરિવારના ત્રણ ભાઈઓના મોતને લઈ લોકોમાં અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com